ગોત્રીમાં પારેશ્વર મહાદેવના દ્વારે ગટરના ગંદા પાણીનું 'સ્વાગત'

વર્ષ બદલાયુ પણ વડોદરાવાસીઓની સમસ્યાઓ તો એજ જે જુના વર્ષેની ઠેર ની ઠેર જ જોવા મળે છે

ગંદકીમાંથી પસાર થઈને મંદિરે જવુ પડે છે : સ્થાનીકો, વોર્ડ નં. 10માં તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં રોષ

વર્ષના પ્રથમ દિવસથી શહેરીજનોએ હાલાકી ભોગવવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા, હજુ તો આખુ વર્ષ બાકી છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા શહેરમાં નવા વર્ષ 2026ની શરૂઆત થઈ ચૂકી છે, પરંતુ તંત્રની નિષ્ક્રિયતાને કારણે નાગરિકોની જૂની સમસ્યાઓ હજુ પણ યથાવત જોવા મળી રહી છે. વડોદરાના વોર્ડ નંબર 10માં આવતા ગોત્રી વિસ્તારમાં પારેશ્વર સોસાયટીની સામે મુખ્ય રસ્તા પર ગટરના ગંદા પાણી ઉભરાતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગોત્રી ગામના ઠાકોર ફળિયા પાસે આવેલા પારેશ્વર મહાદેવ મંદિરની બિલકુલ સામે જ ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે. નવા વર્ષના અવસરે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા આવી રહ્યા છે, પરંતુ તેમને મંદિર સુધી પહોંચવા માટે ગટરના દુર્ગંધ મારતા અને ગંદા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પવિત્ર મંદિરે જતા સમયે આ પ્રકારે ગંદકીમાંથી પસાર થવું પડે તે અત્યંત શરમજનક બાબત છે. સ્થાનિક રહીશએ જણાવ્યું હતું કે, રોડ પર ગટરનું પાણી એટલી હદે ફરી વળ્યું છે કે સોસાયટીના રહીશો પણ કંટાળી ગયા છે. વાહનચાલકોને પણ આ લપસણા અને ગંદા પાણીમાંથી પસાર થવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી અને અધિકારીઓ નિદ્રાધીન હોય તેવું લાગી રહ્યું છે. વોર્ડ નંબર 10ના આ વિસ્તારમાં વર્ષો જૂની સમસ્યાનું નિરાકરણ લાવવા અને ગટરના પાણીની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવવા માટે રહીશોએ ઉગ્ર માંગ કરી છે. હવે જોવાનું એ રહે છે કે મહાનગરપાલિકાના સત્તાધીશો આ દિશામાં નવા વર્ષમાં ક્યારે જાગે છે અને લોકોની સમસ્યાનો ઉકેલ લાવે છે.

વોર્ડ-11 માં ગટરના પાણી ઘરોમાં ઘૂસતા રહીશો વિફર્યા, 'વેરો લેશો તો સુવિધા પણ આપવી પડશે'

વડોદરા શહેરના વોર્ડ નંબર 11 માં આવતા ઇસ્કોન મંદિરની સામેના વી.વી. નગર વિસ્તારમાં છેલ્લા ચાર મહિનાથી ડ્રેનેજની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ડ્રેનેજ લાઇન સંપૂર્ણપણે ચોકઅપ થઈ જવાને કારણે ગટરનું ગંદુ પાણી લોકોના ઘરોમાં, શૌચાલય અને બાથરૂમમાં રિવર્સ આવી રહ્યું છે. જેના કારણે સ્થાનિક રહીશો અત્યંત દયનીય અને ગંદકીભરી સ્થિતિમાં રહેવા મજબૂર બન્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ સમસ્યા અંગે છેલ્લા ચાર-પાંચ મહિનાથી વારંવાર ઓનલાઇન, લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં કોર્પોરેશનનું તંત્ર જાણે નિદ્રાધીન અવસ્થામાં હોય તેમ કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી. આ ઉદાસીનતા સામે આક્રોશ વ્યક્ત કરવા રહેવાસીઓ જ્યારે વોર્ડ નંબર 11ની કચેરીએ પહોંચ્યા, ત્યારે ત્યાં કોઈ જવાબદાર અધિકારી હાજર ન હોવાનું જણાયું હતું. આખી કચેરી ખાલી જેવી ભાસતી હતી અને લોકોએ ત્યાંના સ્ટાફ સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. કચેરીમાં રજૂઆત કરવા ગયેલા રહેવાસીઓએ જ્યારે કમ્પ્લેન્ટ રજિસ્ટર તપાસ્યું, ત્યારે ત્યાંના કર્મચારીઓએ એવું કહીને હાથ અદ્ધર કરી દીધા કે તેમની કોઈ ફરિયાદ નોંધાઈ જ નથી. સ્થાનિકોને એવું જણાવવામાં આવ્યું હતું કે આ કામગીરી અસિસ્ટન્ટ એન્જિનિયર દ્રષ્ટિ મેડમના કાર્યક્ષેત્રમાં આવે છે, પરંતુ તેમની મુલાકાત પણ થઈ શકી ન હતી.

ભાજપને વોટ આપ્યો પણ વળતરમાં બીમારી મળી!" કૃષ્ણનગરના રહીશોનો સત્તાધીશો પર આકરા પ્રહાર

વડોદરા : વડોદરા સ્માર્ટ સિટી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સન ફાર્મા રોડ પરના કૃષ્ણનગર ભરવાડ વાસ માં છેલ્લા ઘણા સમયથી નરકાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ડ્રેનેજ લાઈનો બ્લોક થઈ જવાના કારણે ગંદા પાણી લોકોના ઘરો અને વોશરૂમમાં ઉભરાઈ રહ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે, પીવાના પાણીની લાઈનમાં ડ્રેનેજનું દૂષિત પાણી મિશ્રિત થઈને આવતા વિસ્તારમાં ઝાડા-ઉલટીના કેસોમાં ધરખમ વધારો થયો છે, જેના કારણે સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા ઘણા દિવસોથી નળમાં આવતું પાણી અત્યંત દુર્ગંધ મારતું અને ગંદુ હોય છે. આ દૂષિત પાણીના વપરાશથી બાળકો અને વૃદ્ધો મોટા પ્રમાણમાં બીમાર પડી રહ્યા છે. અનેક લોકો ઝાડા-ઉલટીનો શિકાર બન્યા હોવાના આક્ષેપો પણ સ્થાનિકોએ કર્યા છે. રોગચાળો વકરવાની ભીતિ હોવા છતાં પાલિકાનું તંત્ર હજુ સુધી નિદ્રાધીન અવસ્થામાં હોય તેવું લાગી રહ્યું છે. માત્ર ડ્રેનેજ જ નહીં, પણ કૃષ્ણનગર વિસ્તારમાં પાયાની સુવિધાઓનો પણ અભાવ છે. સ્થાનિકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, "વર્ષોથી અહીં પાકા રોડ બનાવવામાં આવ્યા નથી. રસ્તાઓની હાલત અતિશય ખરાબ છે. અમે અનેકવાર વોર્ડ ઓફિસ અને સ્થાનિક કાઉન્સિલરોને રજૂઆતો કરી છે, પરંતુ કોઈ પણ અધિકારી કે નેતા અમારી પીડા સાંભળવા તૈયાર નથી." આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રહીશોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, "જો અમને પાયાની સુવિધાઓ નહીં મળે, તો કોઈપણ પક્ષના ઉમેદવારે વોટ માંગવા આવવું નહીં.વિસ્તારના આગેવાન અને સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરેએ આ મામલે તંત્ર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, વડોદરાને 'સ્માર્ટ સિટી' કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. તાંદલજાના ભરવાડ વાસમાં લોકો ગંદકીમાં જીવવા મજબૂર છે

66 KV લાઈનની કામગીરીમાં કોન્ટ્રાક્ટરની લાપરવાહી

શહેરના વાસણા રોડ પર સુરક્ષા સાધનો વિના પાઈપોના ઢગ ખડકાયા

અંધારામાં વાહનચાલકો પર તોળાયું અકસ્માતનું જોખમ; સ્થાનિક અગ્રણીએ ઉઘડો લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વાસણા રોડ પર વીજ કંપની દ્વારા 66 KV ની નવી લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. દિવસે ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કોન્ટ્રાક્ટરે રાત્રિના સમયે કામગીરી શરૂ કરી હતી. જોકે, આ કામગીરી દરમિયાન સલામતીના નિયમોના સરેઆમ ધજાગરા ઉડ્યા હતા. કોન્ટ્રાક્ટરે રોડના મુખ્ય ભાગ પર જ મોટી પાઈપોના થપ્પા લગાવી દીધા હતા, પરંતુ ત્યાં અંધારામાં વાહનચાલકોને ચેતવવા માટે કોઈ રિફ્લેક્ટર, બેરિકેડ કે સાઈન બોર્ડ મૂકવાની તસ્દી લીધી ન હતી. અચાનક રોડ પર આવી ગયેલા આ અવરોધને કારણે અનેક વાહનચાલકો અટવાયા હતા અને ગંભીર અકસ્માતની ભીતિ સેવાઈ રહી હતી. આ જોખમી સ્થિતિની જાણ થતા જ સ્થાનિકો સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે કોન્ટ્રાક્ટરની કામગીરી સામે લાલ આંખ કરી ભારે ઉધડો લીધો હતો.સ્થાનિકોએ તંત્ર સામે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, "જો અંધારામાં કોઈ સ્પીડમાં આવતું વાહન આ પાઈપો સાથે અથડાય અને જાનહાનિ થાય, તો તેનો જવાબદાર કોણ? શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?" સ્થાનિકો તેમજ વિસ્તારના આગેવાને માનવતા દાખવી પોતે રસ્તા પર ઊભા રહીને પસાર થતા વા હનચાલકોને અટકાવ્યા હતા. તેમણે લોકોને પાઈપો અંગે ચેતવીને સાવચેતીપૂર્વક પસાર થવા સૂચના આપી હતી.

એમએસયુની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યુનિકેશનની એલ્યુમનાઈ મીટ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

એમ.એસ.યુનિવર્સીટીની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યુનિકેશનની એલ્યુમનાઈ મીટ શનિવારે યોજાશે. આ મીટનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના ચાન્સેલર રાજમાતા શુભાંગીનીરાજે ગાયકવાડ કરશે. સમારંભમાં વાઈસ ચાન્સેલર પ્રો.ડો.ભાલચંદ્ર ભણગે અને રજિસ્ટ્રાર પ્રો.ડો.કે.એમ ચુડાસમા પણ ઉપસ્થિત રહેશે.

ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યુનિકેશનની એલ્યુમનાઈ મીટમાં 143 એલ્યુમનાઈએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાંથી વડોદરાથી 77, વડોદરા સિવાયના રાજ્યમાંથી 33, અન્ય રાજ્યોમાંથી 30 તેમજ 3 એલ્યુમનાઈ વિદેશથી સામેલ છે. આ મીટમાં ઉદ્ઘાટન સમારંભમાં ફેકલ્ટીની લેબ જર્નલ ઈતિવૃત્ત 2026ની આવૃત્તિ, ફેકલ્ટીની 33 વર્ષની યાદગીરીનો સમાવેશ કરતા કમ્પેન્ડિયમ અને સોશિયલ મીડિયામાં એડવર્ટાઈઝિંગ અભ્યાસક્રમોનું લોન્ચિંગ થશે. દિવસભર ચાલનારી આ મીટમાં યુનિવર્સિટી હેરિટેજ વોક, આકર્ષક રમતો, સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને સાંજે માસ્ટર ડીગ્રીના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું થિયેટર પ્રેઝન્ટેશન યોજાશે. ફેકલ્ટીના સ્થાપના વર્ષથી અત્યાર સુધીમાં ઈતિવૃત્તની આવૃત્તિઓ, વિદ્યાર્થીઓએ ખેંચેલી તસવીરો, નિર્માણ કરેલી શોર્ટ ફિલ્મો અને એલ્યુમનાઈનું પણ પ્રદર્શન યોજાશે. ફેકલ્ટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દેશ અને વિદેશમાં હાલ સરકાર, કોર્પોરેટ ગૃહો અને બિન-સરકારી સંસ્થાઓ અને ફિલ્મ પ્રોડક્શન કંપનીઓમાં કાર્ય કરી રહ્યા છે.

સાપને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો

રાત્રી બજાર સામેના કોટ પાસે પડેલી ઝાડીમાં ફસાયેલા અત્યંત ઝેરી રસલ્સ વાઈપરનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

કારેલીબાગ રાત્રી બજાર સામે આવેલા કોટ પાસે નેટમાં સાપ ફસાઈ ગયો હોવાની જાણ થતાં એનિમલ રેસક્યુ ફાઉન્ડેશનના વાઈડ લાઈફ એક્ટિવેસ્ટ યશ તડવી કાર્યકરો સાથે સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં અત્યંત ઝેરી કહેવાતા રસલ્સ વાઈપરને સહીસલામત રીતે રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા રાત્રી બજાર સામેના કોટ પાસે નેટમાં ફસાઈ ગયેલા સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રાત્રી બજાર સામે નેટમાં એક સાપ ફસાઈ ગયો હોવાનો કોલ એનિમલ રેસ્ક્યુ ફાઉન્ડેશનના વાઈલ્ડ લાઈફ એક્ટિવિસ્ટ યશ તડવીને મળતા તેઓ કાર્યકરો સાથે સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં તપાસ કરતા ખુબજ ઝેરી પ્રજાતી ગણવામાં આવતી પૈકીનો રસલ્સ વાઈપર નેટમાં ફસાઈ ગયો હોવાનું નજરે પડ્યું હતું. જેને ભારે જહેમતે અને અત્યંત સાવચેતી પૂર્વક યશ તડવી દ્વારા સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. રસલ્સ વાઈપર નેટમાં ફસાઈ ગયો હોવાથી ખૂબજ આક્રમક બન્યો હતો. ગમે ત્યારે અચાનક બાઈટ કરી લે તેવી પરિસ્થિતિ ઉદભવી હતી. જોકે તેને ખાસ કાળજી રાખી નેટમાંથી બહાર કાઢી તેનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો.

ખાનગી યુનવર્સિટીના પ્રોફેસરની તિજોરીને કામવાળી સફાચટ કરી ગઇ

શહેરના તરસાલી-સોમાતળાવ રોડ પરના મકાનમાંથી રૂ. 6.11 લાખની મતાની ચોરી

31 ડિસેમ્બર કામવાળી બાઇ હાથમાં વિટી પહેરીને આવતા પ્રોફેસર ઓળગી ગયાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા શહેરના તરસાલી સોમાતળાવ રીંગ રોડ પર આવેલી મારુતિધામ સોસાયટીમાં રહેતા નિમિતા ચેતન ગુજર વાઘોડીયા ખાતે પારૂલ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નોકરી કરે છે તેમના પતિ પ્રાઈવેટ નોકરી કરે છે. તેમની સાથે ઉમર લાયક સાસુ અને સસરા રહેતા પ્રોફેસરે છાયા મનોજ બારીયા (રહે. ઘાઘરેટીયા ગામ)ને ઘરનું કામ કરવા માટે નોકરી રાખી હતી. કામવાળી બાઈ છેલ્લા ચાર વર્ષથી તેમના ઘરે કામ કરતી હતી. 24 ડિસેમ્બરના રોજ તેમના સંબંધી ઘરમાં લગ્ન પ્રસંગ ઘરના પહેલા માળે બેડ રૂમમાં મૂકેલી લોખંડની તિજોરીમાં સોના ચાંદીના દાગીના 5 ડિસેમ્બરના રોજ જોવા માટે ગયાં હતા. ત્યારે તિજોરી અને ડ્રોઅર ખુલ્લા જોવા મળ્યાં હતા. જેથી પ્રોફેસરે તિજોરીની અંદરનો સામાન જોતા મુળ સ્વરૂપમાં જોવા મળ્યો હતો પરંતુ જેવા તેઓએ ડ્રોઅર ખોલ્યાં હતા ત્યારે સોનાનું મંગળસુત્ર રૂ.1.10 લાખ, સોનાની ચેન 4 નંગ રૂ.1.60 લાખ, સોનાની વિંટી 8 નંગ રૂ.50 હજાર, સોનાની હાથની લકી હાથની લકી 3 નંગ રૂ.90 હજાર, સોનાનું પેન્ડલ 3 નંગ 30 હજાર, સોનાની બંગડી 2 નંગ રૂ.60 હજાર, સોનાની બુટી 3 જોડ રૂ.75 હજાર, ચાદીની પાયલ 1 રૂ.8 હજાર અને રોકડા રૂપિયા 28 હજાર મળી રૂ.6.11 લાખની મળી આવી ન હતી. જેથી પ્રોફસર સહિતના દંપતીએ ઘરના ખુણેખુણા પર દાગીનાની તપાસ કરી અને મારા સાસુ સસરાને પુછ્યુ હતું પણ કોઇ દાગીનો પતો લાગ્યો ન હતો. દરમ્યાન પ્રોફેસરને તેમના પતિએ પ્રથમ મેરેજ એનિવર્સરીએ ગીફ્ટમાં આપેલી સોનાની વીટી ઘરે કામ કરવા માટે આવેલી છાયા બારીયાએ 31 ડિસેમ્બરના રોજ પહેરી હોવાનું જોવા મળ્યું હતું. જે વિટી બાબતે પ્રોફેસરે તેને ફુચ્યું હતું. ત્યારે કામવાળી બાઇ કોઇ જવાબ આપ્યાં વગર જતી રહી હતી. વૃદ્ધ સાસુ સસરા ઘરમાં એકલા અને દંપતી નોકરી પર ગયુ હોય ત્યારે 5 થી 24 ડિસેમ્બર સુધીમાં પ્રોફેસરના મકાનમાં પ્રથમ માળે બેડરૂમમાં મુકેલી લોખંડની તિજોરીમાં સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા 6.11 લાખની ચોરી માલમતાની ચોરી કરી હોવાની ફરિયાદ પ્રોફેસર મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

જિલ્લા અને તાલુકા કક્ષાએ ગુજકેટ રજિસ્ટ્રેશન કરવાની મુદત વધારવા નિર્ણય

ઈજનેરીમાં પ્રવેશ માટે ગુજકેટની નોંધણી 6 જાન્યુઆરી સુધી લંબાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 29મી માર્ચના રોજ લેવામાં આવનારી ગુજકેટની પરીક્ષા માટે રજિસ્ટ્રેશનની મુદત 30મી ડિસેમ્બર સુધી નક્કી કરવામાં આવી હતી. હાલમાં અંદાજે સવા લાખ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થઇ ચૂક્યું છે. આમ છતાં કેટલાક વિદ્યાર્થીઓની ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાની ફરિયાદ અને રજૂઆત બાદ આગામી 6 જાન્યુઆરી સુધી મુદત લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે. ધો.12 સાયન્સ પછી ડિગ્રી ઈજનેરી સહિતની ટેકનિકલ કોલેજમાં પ્રવેશ માટે સ્થાનિક કક્ષાએ ગુજકેટ લેવામાં આવે છે. બોર્ડ દ્વારા લેવામાં આવતી આ પરીક્ષા માટે ગત 16મી ડિસેમ્બરથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. 30મી ડિસેમ્બરે આ મુદત પુરી થઇ ચુકી છે. જોકે, રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓ અને તાલુકા કક્ષાએ ગુજકેટ માટે રજિસ્ટ્રેશન કરવાની મુદત વધારવા માટે આવેલી રજૂઆત બાદ હવે આગામી 6 જાન્યુઆરી સુધીની મુદત લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેટલીક સ્કૂલના વિદ્યાર્થીઓના ફોર્મ સબમીટ ન થયા હોવાના કારણે કુલ સાત દિવસની મુદત લંબાવવામાં આવી છે. એટલે કે હવે આગામી 6 જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે ગુજકેટના ફોર્મ ભરી શકશે. ડિગ્રી ઈજનેરી, ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ લેવા ઈચ્છતાં હોય તેવા એ, બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓ ગુજકેટ આપતાં હોય છે. જોકે, ગુજકેટ આપતાં મોટાભાગના વિદ્યાર્થીઓ જેઈઈ-મેઈન પણ આપતાં હોય છે. આગામી 21મી જાન્યુઆરીથી 30મી જાન્યુઆરી વચ્ચે પહેલા તબક્કાની જેઈઈ-મેઈન લેવામાં આવશે. બીજા તબક્કાની જેઈઈ-મેઈન 1લી એપ્રિલથી 10મી એપ્રિલ વચ્ચે લેવામાં આવશે. બે પરીક્ષા પૈકી જે પરીક્ષામાં વધુ પર્સન્ટાઈલ હોય તેને ધ્યાનમાં લઈને પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે.

વિદ્યાર્થીઓની ડિપોઝિટ અને ટ્યૂશન ફીની તફાવતની રકમ પરત આપવાની પ્રક્રિયા શરૂ કરાશે

મેડિકલ ડેન્ટલ સહિતના કોર્સમાં પ્રવેશ માટે પાંચમો રાઉન્ડ પૂર્ણ કરી દેવાયો

વિદ્યાર્થીઓ 20મી સુધીમાં રિફંડ માટે અરજી કરવાની રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

મેડિકલ-ડેન્ટલ સહિતના કોર્સમાં પ્રવેશ માટે પાંચમો રાઉન્ડ પૂર્ણ કરી દેવાયો છે. પાંચમા રાઉન્ડ બાદ મેડિકલમાં 3 બેઠકો સિવાય તમામ બેઠકો ભરાઇ ગઇ છે. આ સાથે જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઇ ચુકી હોવાથી હવે 25 હજારથી વધારે વિદ્યાર્થીઓની ડિપોઝિટ રિફંડ આપવાની પ્રક્રિયા અને 2587 વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીની તફાવતની રકમ પરત આપવાની પ્રક્રિયા શરૂ કરાશે. જોકે, વિદ્યાર્થીઓ 20મી સુધીમાં રિફંડ માટે અરજી કરવાની રહેશે.

ધો.12 સાયન્સ પછી મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી અંતે પાંચ રાઉન્ડ બાદ પૂર્ણ જાહેર કરવામાં આવી છે. છેલ્લા પાંચમા રાઉન્ડમાં 3 વિદ્યાર્થીઓ એવા છે કે, જેમને મેડિકલમાં પ્રવેશ ફાળવ્યા પછી તેઓએ પ્રવેશ લીધો ન હોવાથી તેમની 3 લાખ રૂપિયા લેખે અંદાજે 9 લાખથી વધારે ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.

આ સિવાય 25 હજાર વિદ્યાર્થી એવા છે કે, જેઓએ મેડિકલમાં પ્રવેશ માટે ડિપોઝિટ ભરી હતી પરંતુ પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પહેલા તેઓએ અન્ય કોર્સમાં પ્રવેશ મેળવી લીધો હતો. નિયમ પ્રમાણે બે રાઉન્ડ પહેલા પ્રવેશ ટ્રાન્સફર કરવામાં આવે તો તેમની ડિપોઝિટ રિફંડ આપવામાં આવતી હોય છે. જેના કારણે હવે 25 હજાર વિદ્યાર્થીઓને ડિપોઝિટ પાછી આપવાની પ્રક્રિયા પ્રવેશ સમિતિ દ્વારા શરૂ કરાશે.

આ માટે જે તે વિદ્યાર્થીઓએ આગામી 20મી સુધીમાં પ્રવેશ સમિતિ સમક્ષ રિફંડ માટે દરખાસ્ત કરવાની રહેશે. સૂત્રો કહે છે કે, 2587 વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ એક કોર્સમાંથી બીજા કોર્સમાં કે કોલેજમાં ટ્રાન્સફર લીધી હોવાના કારણે તેમને તફાવતની રકમ પરત આપવાની થાય છે. પ્રવેશ સમિતિ દ્વારા આ વિદ્યાર્થીઓને ટ્યૂશન ફીની તફાવતની રકમ પરત આપવામાં આવશે.

મેચની ટિકિટની ફાળવણી ઓફલાઈન મોડમાં ફરીથી શરૂ કરવા NSUIની માંગ

ઈન્ડિયા-ન્યૂઝીલેન્ડ વન-ડે મેચની ટિકિટ સોલ્ડ આઉટ થતા ક્રિકેટ રસિકોમાં નારાજગી

માંગણી સ્વીકારવામાં નહીં આવે તો એનએસયુઆઈ મોટા પાયે આંદોલન કરી બીસીએનો ઉગ્ર વિરોધ કરશેની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

કોટંબી સ્ટેડિયમ ખાતે ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી આંતરરાષ્ટ્રીય વનડે મેચની ઓનલાઈન ટિકિટ બુકિંગ શરૂ થતાની સાથે જ તમામ ટિકિટો સોલ્ડ આઉટ થઈ ગઈ હોવાની જાણ થતા ક્રિકેટ રસિકોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. બરોડીયનો સાથે અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના હોદ્દેદારો દ્વારા બીસીએ હાઉસ ખાતે પહોંચી પ્લેકાર્ડ સાથે વિરોધ દર્શાવ્યો હતો અને મેચની ટિકિટની ફાળવણી ફરીથી શરૂ કરવા માંગણી કરી હતી.

આગામી 11 જાન્યુઆરીના રોજ વડોદરા નજીક આવેલા કોટંબી બીસીએના સ્ટેડિયમમાં આ ભારત ન્યુઝીલેન્ડ વચ્ચે ઓડીઆઈ ક્રિકેટ મેચ રમાશે. લાંબા સમય બાદ વડોદરામાં આંતરરાષ્ટ્રીય મેન્સ ક્રિકેટ મેચ યોજાતી હોવાથી દર્શકોમાં ભારે ઉત્સાહ છવાયો હતો. જોકે, ગુરુવારે સવારે મેચની ઓનલાઈન ટિકિટ બુકિંગ શરૂ કરવામાં આવી હતી. બુકિંગ શરૂ થતાં જ મોટી સંખ્યામાં દર્શકો વેબસાઈટ પર ટિકિટ મેળવવા માટે લોગીન થયા હતા. જોકે માત્ર પાંચ મિનિટમાંજ ટિકિટો સોલ્ડ આઉટ દર્શાવાતા ક્રિકેટ પ્રેમીઓમાં નિરાશાનું મોજું ફરી વળ્યું હતું.

એમ.એસ.યુનિવર્સીટીના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે, જે મેચ રમવા જઈ રહી છે તે માટેની ટિકિટની શરૂઆત 11:00 વાગે ઓનલાઈન બુક માય શો પર કરવામાં આવી, જે ફક્ત 10 મિનિટમાં જ તેની તમામ ટિકિટોની વહેંચણી પૂર્ણ થઈ ગઈ હતી. જેમાં વડોદરાના લોકો જે વર્ષોથી મેચ જોવાની રાહ જોઈ રહ્યા હતા, તેવા નગરજનોને ટિકિટ મળી નથી, સાથે સાથે કોઈપણ પ્રકારનું રિઝર્વેશન આપવામાં આવ્યું નથી અને તેઓની માટે કોઈ ખાસ પ્રકારની સુવિધાઓ આપવામાં આવી ન હતી. જેથી ટિકિટ મેળવી શક્યા નથી. બીજી બાજુ ઓફલાઈન ટિકિટની પણ શરૂઆત બીસીએ દ્વારા કરવામાં આવી ન હતી. ત્યારે, વહેલી તકે ટિકિટની ફાળવણીની શરૂઆત કરવામાં આવે અને ઓફલાઈન મોડમાં પણ ટિકિટનું રજીસ્ટ્રેશન કરવામાં આવે અને નગરજનો માટે ખાસ રિઝર્વેશન આપવામાં આવે, જો આગામી દિવસમાં આ માંગણી બીસીએ દ્વારા સ્વીકારવામાં નહીં આવે તો એનએસયુઆઈ મોટા પાયે આંદોલન કરી બીસીએનો ઉગ્ર વિરોધ કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

કાગળ પર ચેકડેમ, ગજવામાં લાખોની ગ્રાન્ટ: સાવલીના ટુંડાવમાં 10 લાખનું 'પાણી' જેવું કૌભાંડ!

એક જ ચેકડેમ બનાવી બેના બિલો ફાડ્યા, જિલ્લા પંચાયત સભ્ય સામે તપાસની માંગ

સરકારી નાણાંની ઉચાપત મામલે તંત્ર કેવા પગલાં ભરે છે તે જોવાનું રહેશે

જ્યારે કાર્યકરોએ સ્થળ તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી

પ્રથમ ચેકડેમ: પારેવી કોતરના નામે મંજૂર કરવામાં આવ્યો હતો, જેના ફોટા ઠરાવમાં દર્શાવવામાં આવ્યા છે.

બીજો ચેકડેમ: રાઠોડ પ્રતાપસિંહના ખેતરની બાજુમાં દર્શાવીને બિલ પાસ કરવામાં આવ્યું હતું. વાસ્તવિક સ્થિતિ એવી છે કે સ્થળ પર માત્ર એક જ ચેકડેમ છે, જ્યારે બીજો ચેકડેમ માત્ર કાગળ પર જ અસ્તિત્વ ધરાવે છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

સાવલી તાલુકાના ટુંડાવ ગામમાં સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ કરી ચેકડેમ બનાવવામાં મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની વિગતો સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર રાજદીપ રાણા દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેનપત્ર આપીને તપાસની માંગ કરવામાં આવી છે. સમગ્ર ઘટના આરટીઆઈ દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવી છે.

અરજદારોએ ગ્રામ પંચાયતમાં વિતેલા પાંચ વર્ષમાં થયેલા કામોની માહિતી માંગી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે ટુંડાવ ગામની સીમમાં 5-5 લાખ રૂપિયાના ખર્ચે બે અલગ-અલગ ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા હતા અને તેનું પેમેન્ટ પણ ચૂકવી દેવામાં આવ્યું હતું. આક્ષેપ કરવામાં આવ્યો છે કે જે ચેકડેમ બનાવવામાં આવ્યો છે, તે કોંગ્રેસના જિલ્લા પંચાયત સભ્ય ડો. પ્યારેસાહેબ રાઠોડ અને રણજીતભાઈ રાઠોડની માલિકીની જમીન પાસે જ બનાવવામાં આવ્યો છે. આ ચેકડેમનું પાણી અન્ય કોઈ ખેડૂતને મળે તેવી શક્યતા નથી અને તે માત્ર પોતાના આર્થિક લાભ અને સ્વ-ઉપયોગ માટે સરકારી ગ્રાન્ટમાંથી બનાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.

આ મામલે જિલ્લા વિકાસ અધિકારી હીરપરાને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે કે આ સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ કરવામાં આવે. ભાજપ કાર્યકર રાજદીપ રાણાએ માંગ કરી છે કે ગેરરીતિ આચરનાર સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવે. જિલ્લા પંચાયત સભ્યને તાત્કાલિક અસરથી સસ